महाराष्ट्र शासन



Narendra Modi
Prime Minister

Department of Public Health
Government of Maharashtra

# 24 MONTHS 42 DECISIONS

*Pledge for Healthy Maharashtra*



Eknath Shinde
Chief Minister




## World Record Performance of Public Health Department!

## Free health facilities provided to 15,12,774 warkaris in Palkhi Marg and Pandharpur 'Maha Arogya Camps'

Pandharpur's Mahaarogya Camp recorded in **'International Book of Records'** for the second consecutive time, Paranda Health Camp recorded one time.

## Health Care Work, Successful Public Service!

### WOMEN AND CHILD

1) Health check up of total **4,39,24,100** women under **'If Mother is Safe then Home is Safe'** Mission. The survey, which also included **27,97,314** expectant mothers.

2) Comprehensive health check-up and referral services for **2,49,54,257** children aged 0 to 18 years under the **'Vigilant Parents, Safe Children'** Mission.

3) Implementation of **43-block** programs for remote areas like **Melghat.**

4) **'Vatsalya'** special scheme for health improvement of pre-pregnancy mothers and children up to two years of age.

5) Extension of **Maherghar Scheme** to tribal and remote areas of the state with the aim of reducing maternal mortality rate and infant mortality rate.

6) Launching a website http://amchimulgimaha.in for PCPNDT implementation to prevent **female feticide** in the state and **104** is the **toll free** helpline number.

7) Significant success of special measures designed to reduce child mortality. The infant mortality rate of the state is **18 per 1000 births. Special efforts are being made to bring child mortality to zero.**

### MENTAL HEALTH

8) New mental health and **de-addiction centers** at Jalna, Bhiwandi, Pune, and Nagpur.

9) **Advanced Regional Psychiatric Hospitals** at Thane and Kolhapur (Udgaon).

### CANCER AND TREATMENT

10) Establishment of **new radiotherapy units** at **four** locations in the state.

11) **Chemotherapy day-care centers** in **34** districts for cancer treatment.

12) **8 mobile cancer diagnostic** facilities available.

### ESTABLISHMENT/RECRUITMENT

13) **Transfers through the online portal for Medical Officers** of the State. Decisions for greater transparency and accuracy.

14) Transparent **recruitment of 10,949 vacant posts** in Group 'C' and 'D' cadre in Health Service.

15) Recruitment of **medical officers** on a war footing. **1,446 online placement** orders for eligible candidates.

* **Non Practicing Allowance (NPA) to medical officers in the state as per 7th Pay Commission.**

### HEALTH FACILITIES

16) **Cardiac cath labs** at **16** locations in the state for cardiac patients. **MRI at 22** locations, and dialysis facilities at **495** locations.

17) **'Mobile Multispecialty Hospital'** started at Dharashiv.

18) With modern equipment and expert doctors, decision to purchase **1,756 ambulances** with squads.

19) For kidney stone disease patients in the state **Lithotripsy treatment** services for advanced treatment.

20) **One hearse in each taluka** for transport to take the dead body from the hospital if the patient dies.

21) **Dialysis services** in rural hospitals in **234 talukas**.

22) **Hemophilia day-care center** available in every district.

23) Under **National Sickle Cell Mission**, more than **30 lakhs** Sickle cell screening of citizens.

24) **Significant reduction** in epidemic outbreaks, morbidity and mortality.

### YOUNG AND SENIOR CITIZENS

25) Screening of **more than 3 crore** men above 18 years of age under the **'Nirogi Arogya Tarunaiche, Vaibhav Maharashtrache'** campaign.

26) **More than 1 lakh** surgeries conducted under the **Cataract Free Maharashtra Mission.**

### INFRASTRUCTURE

27) State's first **1,000 bedded** permanently equipped hospital for varakaris health care at Pandharpur.

28) Establishment of the **Maharashtra Medical Supplies Procurement Authority.**

29) **AYUSH Hospitals** with **30 beds** in four districts namely Pune, Ahmednagar, Nandurbar, Sindhudurg.

30) So far **347 'Hindu Hriday Samrat Balasaheb Thackeray Aapla Davakhana'** are operational in the state. Total 700 'Aapla Dawkhana' are in process.

31) Cleanliness and beautification of health institutions under the **'Sundar Maja Dawakhana'** campaign.

32) **15 Health Infrastructure Projects** in the State, Bhoomipujan and Lokarpan by the Hon. Prime Minister.

### MAHA AROGYA CAMP

33) Under the initiative **'Arogyachi Wari Pandhari Chya Dari'** More than **11 lakhs** in the year 2023, More than **15 lakhs** in the year 2024, More than **26 Lakhs** in **2 years free health** screening and referral services of varakaris.

34) Pandharpur's Maha Arogya Camp Awarded in the **'International Book of Records'.**

35) **Maha Arogya Camp** at Paranda to provide quality health care to the people in rural areas.

### FREE TREATMENT AND INSURANCE COVER

36) Insurance cover of the **Mahatma Jyotirao Phule Jan Arogya Yojana** increased from **Rs. 1.50 lakhs to Rs. 5 lakhs.** This scheme is applicable to all residents of the state **(Ration card condition cancelled).**

37) Ayushman Bharat Digital Account registration of more than **5 crores** people in the state.

38) **Free medical treatment** to all citizens from August 15, 2023, Outpatient beneficiaries doubled this year.

### ASHA VOLUNTEERS AND GROUP PROMOTERS

39) In case of accidental death while performing their duties, Nominees of ASHA Volunteers and Group Promoters will be given **Rs. 10 lakhs** and in case of permanent disability **Rs. 5 lakhs** in Concessional Grant.

40) **Substantial increase in remuneration of ASHA Volunteers. Rs. 5,000** increase in monthly Remuneration. Now it will be **Rs. 13,000** per month.

41) A substantial increase in remuneration by **Rs. 4,000 of ASHA Group Promoters.** Now they will get **Rs. 19,975** per month.

42) Approval of the **Cabinet to accommodate the contractual employees** with 10 years or more service in the approved equivalent posts in the health service from among the contractual employees working in the state under the National Health Mission.



**Dial toll free number 104 to get free health advice**

Devendra Fadnavis
Deputy Chief Minister

Eknath Shinde
Chief Minister

Ajit Pawar
Deputy Chief Minister

Prof. Dr. Tanaji Sawant
Minister, Public Health and Family Welfare

(ROC D3961)

પ્રાર્થના સભા

તેઓ કહે છે કે દંતકથાઓ ક્યારેય મરતા નથી; હીરો બને છે, જન્મતા નથી. પ્રકાશની એક દીવાદાંડી કે જેમણે તેમની હૂંફ, દયા, માર્ગદર્શન, બુદ્ધિમત્તા અને અતુટ ભાવનાથી આપણા જીવનને આકર્ષિત કર્યું, શુક્રવાર, 4 ઓક્ટોબર 2024ના રોજ શાંતિપૂર્ણ રીતે મૃત્યુ પામ્યા. તમે પ્રેમ, આદર, હાસ્ય અને પ્રિય યાદોનો વારસો છોડી ગયા છો. તમારા પરિવારના તમામ સભ્યો, મિત્રો અને સહકર્મીઓ તમને ખૂબ જ યાદ કરશે. તમારો વારસો અનંત સુધી જીવંત રહેશે અને તમારી યાદો અમારા હૃદયમાં હંમેશ માટે જીવંત રહેશે.

ભાટિયા કચ્છી મૃત્યુ



સ્વ. રણજિત લક્ષ્મીદાસ માધવજી
1926-2024

સ્વ. માધવજી વિરજી સોલિસિટરના પૌત્ર, સ્વ.લક્ષ્મીદાસ અને સ્વ.લક્ષ્મીબાઈના પુત્ર, સ્વ. વસંતના પતિ, કુમ અજીતા અને શ્રી પ્રવિરસિંહના પિતા, કુમ જશોદા અને કુમ. વૈષ્ણવીના દાદા, સ્વ. આનંદદાસ અને લક્ષ્મીબાઈ કાપડિયાના જમાઈ.

પ્રાર્થના સભા રવિવાર, 6 ઓક્ટોબર 2024ના રોજ સાંજે 5.30 થી 6.30 દરમિયાન ભવન્સ કલા કેન્દ્ર ભારતીય વિદ્યા ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, કે.એમ. ખાતે યોજાશે. મુનશી માર્ગ, ચોપાટી, મુંબઈ 400007, ભારત.

હેમિલ્ટન સ્ટુડિયો પ્રાઈવેટ લિમિટેડ
-પોટ્રેચરના એક દોયનની પ્રેમાળ સ્મૃતિમાં-


# ઉ.પ્ર.માં હત્યા કરાયેલા દલિત શાળાના શિક્ષક અને પરિવારના અંતિમ સંસ્કાર થયા

રાયબરેલીઃ ઉત્તર પ્રદેશના અમેઠીમાં દલિત શાળાના શિક્ષકની તેની પત્ની અને બે પુત્રીઓ સાથે ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તેમના શનિવારે રાયબરેલીના ગોલા ગંગા ઘાટ પર અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા હતા. જ્યારે સગીર પુત્રીઓને દફનાવવામાં આવી હતી. હત્યારા ચંદન વર્માએ ગુરુવારે શિક્ષકની પત્ની સાથેના તેના અફેરનો અંત આવ્યા બાદ ચારેયની હત્યા કરી નાખી હતી. તેની શુક્રવારે ધરપકડ કરવામાં આવી હતી. શુક્રવારે સવારે ચારેય મૃતદેહો ગામમાં આવી પહોંચ્યા હતા અને અહીં આસપાસના ગામોમાંથી આવેલા લોકોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. શોકગ્રસ્ત પરિવારના સભ્યોએ શરૂઆતમાં અંતિમ સંસ્કાર કરવાનો ઇનકાર કર્યો હતો. વ્યવસ્થા જાળવી રાખવા માટે મોટી સંખ્યામાં પોલીસ તહેનાત કરવામાં આવી હતી. શિક્ષકનો ભાઇ સોનુ મોડી રાત્રે ગામ આવી પહોંચ્યા બાદ તેઓ અંતિમ સંસ્કાર કરવા માટે રાજી થયા હતા. શનિવારે ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે લખનઊમાં પીડિતોના પરિજનો સાથે મુલાકાત કરી હતી. તેમણે પીડિતોને ચોક્કસપણે ન્યાય મળવાનું અને ગુનેગારો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનું આશ્વાસન આપ્યું હતું. યુપીના પૂર્વ પ્રધાન સ્વામી પ્રસાદ મોર્યએ પણ ગોલા ગંગા ઘાટ પર પરિવારના સભ્યો સાથે વાત કરી હતી. અગ્નિ સંસ્કારમાં હાજર રહેલા બહુજન સમાજ પાર્ટીના યુપી એકમના વડા વિશ્વનાથ પાલે કહ્યું કે જો પોલીસે સમયસર કાર્યવાહી કરી હોત તો પરિસ્થિતિને અટકાવી શક્યા હોત. આ સરકારમાં જંગલ રાજ છે. ■


વિશા દિગંબર જૈન



દેવીબેન પ્રવિણચંદ ગુજર (ઉ. વ. ૯૨)
પંઢરપૂર (હાલ મુંબઈ)

સ્વ. પ્રવિણચંદ રામચંદ ગુજરના પત્ની,
હેમલતા, સીમા, અંજના, સ્મિતા અને કિશોરના મમ્મી,
સ્વ. મીનુ કુપર, સ્વ. વિજયકુમાર અને સ્વ. મુકેશકુમારના સાસુ,
કેશી, પરવેઝ, મોનાલી, ઉર્વી, વીકીના નાની,
કેતકી અને સમીરના નાની સાસુ,
વિરાટ અને યુહાનના પર નાની
તા.૪-૧૦-૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે.

પ્રાર્થના સભા
તા. ૭-૧૦-૨૦૨૪ના સવારે ૯ થી ૧૦ છે.

શ્રી ૧૦૦૦૮ ચંદ્રપ્રભુ દિગંબર જૈન મંદિર ટ્રસ્ટ, ૧૬૧, ભૂલેશ્વર, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ભૂલેશ્વર કબૂતરખાના પાસે.


# બોસ્નિયામાં પૂર, ભૂસ્ખલનથી ૧૬નાં મોત બાદ ગુમ થયેલાની શોધ ચાલુ

જબલાનિકા : બોસ્નિયાના કેટલાક ભાગોમાં અચાનક પૂર અને ભૂસ્ખલનને કારણે હજુ પણ ગુમ થયેલા લોકોની બચાવ ટીમોએ શનિવારે શોધ કરી હતી, પૂરમાં ઓછામાં ઓછા ૧૬ લોકો માર્યા ગયા હતા અને ઘણા વધુ ઘાયલ થયા હતા. શુક્રવારે વહેલી સવારે વરસાદી વાવાઝોડા બાદ બાંધકામનાં મશીનોની મદદથી મધ્ય શહેર જબલાનિકાને આવરી લેતા ખડકો અને કાટમાળના ઢગલા દૂર કરવાનું કામ કર્યું હતું. જબલાનિકા અને નજીકના કોનજિકની આસપાસના વિસ્તારમાં પડેલા ભારે વરસાદને કારણે અચાનક પૂર આવ્યું હતું અને પૂરનાં પાણી લોકો ઊંઘી રહ્યા હતા ત્યારે તેમના ઘરોમાં ઘૂસી ગયા.

વધતા પાણીએ ભૂસ્ખલનને પણ કારણભૂત બનાવ્યું જેને કારણે રસ્તાઓ અને ટેકરીઓ તૂટી પડ્યા હતાં, ગામડાઓને કાદવમાં આવરી લીધા હતા અને સમગ્ર વિસ્તારોનો સંપર્ક કાપી નાખ્યો હતો. બોસ્નિયાનો મીડિયા અહેવાલ આપી રહ્યું છે કે નજીકની ખાણમાંથી ખડકો ડોન્જા જબલાનિકા ગામનાં ઘરો પર પડ્યા હતા. ■


ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ (મોટા ચોવીસા)



અ. સૌ. સ્મિતાબેન અરૂણકુમાર ભટ્ટ (ઉં. વ. ૮૧)

જન્મ : ૨૮-૧૧-૧૯૪૨
સ્વર્ગવાસ : ૨-૧૦-૨૦૨૪
તે, ડૉ. અરૂણકુમાર હરસુતરાય ભટ્ટના ધર્મપત્ની.
સ્વ. રસિકલાલ હિંમતલાલ પંડયાના પુત્રી.
ડૉ. કેતન, ધિરેન, હેમાંગીના માતુશ્રી.
શિલ્પા, દીપા, અપૂર્વ મહેતાના સાસુ.
સ્વ. પ્રકાશ હરસુતરાય ભટ્ટના ભાભી.
રાજેશ્રીબેનના જેઠાણી. અદિત, હ્રિદાનના દાદી. યશના નાની.
તા. ૨-૧૦-૨૪ બુધવારના રોજ દેવલોક પામ્યા છે.

પ્રાર્થનાસભા રાખેલ નથી.


# આસામની નવીન યોજનાઓ અન્ય રાજ્યો અપનાવી રહ્યા છેઃ હિમંતા

ગુવાહાટી : નાનું રાજ્ય હોવા છતાં, આસામ અન્ય રાજ્યોને રસ્તો બતાવી રહ્યું છે જે અહીંની ભાજપની આગેવાની હેઠળની સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ નવીન યોજનાઓ અપનાવી રહ્યાં છે, એમ મુખ્ય પ્રધાન હિમંતા બિસ્વા સરમાએ શનિવારે જણાવ્યું હતું.

અહીં કામરૂપ (મેટ્રોપોલિટન) જિલ્લા હેઠળના ત્રણ સહ-જિલ્લાઓનું ઉદ્ઘાટન કરતાં, મુખ્ય પ્રધાને જણાવ્યું હતું કે આસામ સહ-જિલ્લાના ખ્યાલને કાર્યરત કરનાર પ્રથમ રાજ્ય છે જે વહીવટને લોકોના ઘર સુધી લઈ જઈને પાયાના સ્તરે શાસનમાં ક્રાંતિ લાવશે.

તેમણે કહ્યું કે ''મને વિશ્વાસ છે કે દેશના અન્ય રાજ્યો પણ આગામી ચારથી પાંચ વર્ષમાં આ ખ્યાલ અપનાવશે, જોકે તેઓ તેને અલગ-અલગ નામ આપશે''.

અગાઉ, આસામનું વહીવટી તંત્ર પશ્ચિમ બંગાળ અને અન્ય વિકસિત રાજ્યો પર આધારિત હતું કારણ કે અંગ્રેજો આ પ્રદેશ પર એક જ વહીવટી એકમ તરીકે શાસન કરતા હતા પરંતુ ''હવે અમે ઘણી સીમાચિહ્ન યોજનાઓ અપનાવી છે જે અન્ય રાજ્યોને પ્રેરણા આપે છે'', એમ સરમાએ જણાવ્યું હતું. ■

## મેંગલુરુમાં ગેરકાયદે રેતી ખનન : ૨૩ બોટ જપ્ત


મેંગલુરુઃ મેંગલુરુમાં ખાણ અને ભૂસ્તર વિભાગના અધિકારીઓની એક ટીમે ગેરકાયદેસર રેતી ખાણકામ સ્થળ પર દરોડો પાડ્યો હતો અને ખાણકામ માટે ઉપયોગમાં લેવાતી ૨૩ બોટ જપ્ત કરી હતી. ■




Deepak Somaiya


# પરપ્રાંતીય મજૂરોને રેશન કાર્ડ આપવામાં વિલંબ સામે સુપ્રીમની લાલ આંખ

નવી દિલ્હી : પરપ્રાંતીય મજૂરોને રેશન કાર્ડ આપવામાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશના વિલંબ પર ચિંતા વ્યક્ત કરતાં સુપ્રીમ કોર્ટે કહ્યું હતું કે અમે અમારું ધૈર્ય ગૂમાવી દીધું છે. જસ્ટિસ સુધાંશુ દત્ત અને જસ્ટિસ અસાનુદ્દીન અમનુલ્લાની ખંડપીઠે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને કેન્દ્રશાસિત પ્રદેશોને ૧૯ નવેમ્બર સુધી જરૂરી પગલાં લેવાની છેલ્લી તક આપી હતી. બેન્ચે કહ્યું હતું કે અમે અમારો ચુકાદાનો અમલ કરવા છેલ્લી તક આપીએ છીએ. ■




સમગ્ર ઝાલાવાડ એકતા સમાજ સંમેલન
અમિતભાઈ સાટમ
presents
ADARSH NAVARATRI UTSAV 2024
''શકિત અને ભકિતનું પર્વ માં આદ્ય શકિત ઉપાસના એટલે નવરાત્રી''
ગુરૂવાર, તા. ૧૦-૧૦-૨૦૨૪, સાંજે ૬-૦૦ થી
જે.વી.પી.ડી. ગ્રાઉન્ડ, જુહુ, ઋતુંભરા કોલેજની બાજુમાં, વિલેપારલા (વે)
જૈનોના ચારે ફીરકા (દેરાવાસી, સ્થાનકવાસી, દિગંબર, શ્રીમદ્ રાજચંદ્ર) ના દરેક ઝાલાવાડીઓ એક છત્ર હેઠળ ભેગા થાય, એકતા વધે, પ્રગતિ થાય, સામાજીક પ્રશ્નો હલ થાય, એ હેતુથી
ઝાલાવાડ સમાજ - મુંબઈ ની સ્થાપના કરવામાં આવશે.
વહેલો તે પહેલોના ધોરણે સંપર્ક સ્થળેથી આધાર કાર્ડની XEROX COPY (જેમાં Cell No. લખેલો હોવો જોઈએ) ની સામે 'બે પ્રવેશ પાસ' સોમવાર તા. ૭-૧૦-૨૦૨૪ થી બુધવાર તા. ૯-૧૦-૨૦૨૪, સમયઃ સવારે ૧૧ થી ૫ દરમ્યાન મેળવી લેવા વિનંતી.
દરેક ભાઈ-બહનોએ રાસ ગરબા નિહાળવા તથા ભાગ લેવા માટે પ્રસંગને અનુરૂપ પોશાક પહેરી આવવા વિનંતી.
પ્રવેશ પાસ મેળવવાનું સંપર્ક સ્થળો
ZALAWAD TRUST
407, Centre Square, Above Kundan Jewellers, Opp. Nadco Store, 174, S. V. Road, Andheri (West), Mumbai - 400058. Mob.: 9136121073
ZALAWAD SANGH
802, 803, New India Heights, 8th Flr, Old Police lane, Opp. Railway Stn, Andheri (East), Mumbai - 400069. Mob.: 9137342818
મહેન્દ્રભાઈ તુરખીયા | દિલીપભાઈ કે. શાહ | સી.વી. શાહ - પેરેડાઈઝ
રમેશભાઈ વોરા | મિતેશભાઈ દેસાઈ | દીપક ગાંધી | મુકેશ શાહ


# સાજ હૉટેલ્સ લિ. મુંબઈમાં ''ડેઈલી ડોસા''ની રજૂઆત સાથે તેની પાંખો વિસ્તારે છે

SAJ HOTELS LTD.

સાજ હૉટેલ્સ લિમિટેડ, મુંબઈ સ્થિત પ્રતિષ્ઠિત કંપની છે જે મહારાષ્ટ્ર, ગોવા અને મધ્ય પ્રદેશમાં રિસોર્ટ્સની માલિકી ધરાવે છે અને સંચાલન કરે છે.

કંપની મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ગોવામાં પોતાની માલિકીની આલીશાન રિસોર્ટ્સ ધરાવે છે અને તેનું સફળ સંચાલન કરે છે, જેમાં સામેલ છે



મેનેજિંગ ડાયરેક્ટર
શ્રી કર્ણ ટિમ્બડિયા

★ **સાજ ઑન દ માઉન્ટેન, મહાબળેશ્વર** જે પ્રાકૃતિક સૌંદર્ય ધરાવતા 4 એકર વિસ્તારમાં ફેલાયેલી છે, આ રિસોર્ટ 78 રૂમ્સ, 3 રેસ્ટોરાં, સ્વિમિંગ પૂલ, સ્પા સહિત 4 સ્ટાર રિસોર્ટ્સમાં મળતી બધી જ અદ્યતન સુવિધાઓથી સજ્જ છે.

★ **સાજ બાય દ લેક, મહારાષ્ટ્રના પ્રસિદ્ધ માલસેજ ઘાટમાં** સ્થિત આ રિસોર્ટ ચારે બાજુ હરિયાળીથી સમૃદ્ધ ઘાટમાં 4.5 એકર વિસ્તારમાં વિશાળ સરોવરના કાંઠે ફેલાયેલી છે અને 37 રૂમ્સ, 2 રેસ્ટોરાં, પૂલ, સ્પા સહિત અદ્યતન સુવિધાઓથી સજ્જ છે. અહીં પર્યટકો દરેક રૂમમાંથી કુદરતની અફાટ સુંદરતાનો નજારો નિહાળી શકે છે.



સાજ બાય ધ લેક,
માલશેજ ઘાટ

★ **સાજ ઈન દ ફોરેસ્ટ, મધ્ય પ્રદેશના પેંચ નૅશનલ પાર્કમાં** સ્થિત આ રિસોર્ટ 16 એકર વિસ્તારમાં ફેલાયેલી છે અને પાર્કના બફર ઝોનની સીમાઓને અડોઅડ છે. ખરા અર્થમાં જંગલ રિસોર્ટ કહી શકાય એવી આ રિસોર્ટમાં 19 રૂમ્સ ઉપરાંત ફાઈવ-સ્ટાર હૉટેલમાં મળતી બધી જ અદ્યતન સુખ-સુવિધાઓ ઉપલબ્ધ છે. એટલું જ નહીં, પ્રાકૃતિક વનરાઈઓ અને વન્ય જીવોની સમૃદ્ધિ આ રિસોર્ટની લાક્ષણિકતામાં વધારો કરે છે.



સાજ ઈન દ ફોરેસ્ટ,
પેંચ નૅશનલ પાર્ક

★ **મોરજીમ રીટ્રીટ, ઉત્તર ગોવામાં** સ્થિત છે અને 21 રૂમ્સ ધરાવે છે, બારે મહિના પર્યટકોથી ધમધમતા ગોવામાં આ રિસોર્ટ બજેટ-ફ્રેન્ડલી હોવા ઉપરાંત વિખ્યાત મોરજીમ બીચથી માત્ર 500 મીટરના અંતરે આવેલી છે.

ગોવા અને મુંબઈમાં રેસ્ટોરાંના સફળ સંચાલન પછી કંપની હવે ક્યૂએસઆર પ્રારૂપમાં ઉચ્ચ સ્કેલેબલ મૉડેલ સાથે એફઍન્ડબી ક્ષેત્રે ભાવિ અજમાવવા ક્રિયાશીલ છે. આ પ્રયાસમાં પ્રથમ પગલા તરીકે મુંબઈના ઉપનગર અંધેરી પશ્ચિમમાં પોતાની નવી બ્રાન્ડ ''ડેઈલી ડોસા''ના ઉદ્ઘાટન અવસરે કંપનીના ડાયરેક્ટર શ્રી કર્ણ ટિમ્બડિયા જણાવે છેઃ

Daily Dosa
New Opening in Mumbai



ઢોસા હંમેશાંથી એક મનપસંદ વાનગી રહી છે, જે તેની સાર્વભૌમિક અપીલ સાથે પેઢીઓ અને સંસ્કૃતિઓના ભેદને પાર કરતી આવી છે. આ એક એવી વાનગી છે જે દિવસના કોઈપણ સમયે માણી શકાય છે- સવારે નાસ્તામાં, બપોરે ભોજનમાં, સાંજે નાસ્તામાં કે પછી રાત્રે ભોજનમાં. એટલું જ નહીં, આ એટલાં સ્વાદિષ્ટ હોય છે કે વ્યક્તિ દરરોજ તેનો આનંદ માણી શકે છે.

★ ડેઈલી ડોસામાં અમે આ ક્લાસિક કમ્ફર્ટ ફૂડને તેના પરંપરાગત રૂપથી અલગ સ્વરૂપમાં પ્રસ્તુત કરવા જઈ રહ્યાં છીએ. અમે ઢોસાને વિવિધ સ્વાદના સંયોજન ભરી રોમાંચક દુનિયા માટે એક આદર્શ પ્રવેશદ્વાર તરીકે જોઈએ છીએ. ઢોસાને પરંપરાગત તાંબડા રસા, ઘી રોસ્ટ અથવા આલુ સાગુ સાથે પીરસી શકાતા હોય તો પછી માત્ર સાંબાર અને ચટણીથી જ કેમ સંતોષ માની લઈએ? અને હા, અમે માત્ર આટલાથી જ નથી અટકી ગયા.

અમે ઢોસાના સ્વાદને જ નહીં પરંતુ ઢોસા ખાવાની રીતને પણ બદલી રહ્યા છીએ. તમારા માટે અમે અમારા તદ્દન નવા ટૅકોસ ઢોસા અને ઢોસા કોન રજૂ કરીએ છીએ, આ એવાં ઢોસા છે જે તમે આ પહેલા ક્યારેય જોયા કે માણ્યા નહીં હોય. ક્વિક સર્વિસ રેસ્ટોરાં તરીકે, અમે અમારા ઢોસા હરતા-ફરતા ખાઈ શકાય એ રીતે તૈયાર કર્યા છે, જે તેને સુવિધાજનક અને સંતોષજનક બનાવે છે.


★ ડેઈલી ડોસામાં અમે ઢોસા ખાવાના દરેક અનુભવને મજેદાર, અભિનવ અને અત્યંત સ્વાદિષ્ટ રોમાંચમાં પરિવર્તિત કરવા માગીએ છીએ. તો હવે દરરોજ એક નવી જ રીતે ઢોસાનો આનંદ માણવા તૈયાર થઈ જાઓ.

કર્ણ ટિમ્બડિયા વધુમાં જણાવે છે કે ભવિષ્યમાં આ બ્રાન્ડ કોઈ મૉલના ફૂડ કોર્ટમાં, ઍરપોર્ટ પર, કોઈ વ્યસ્ત ગલીઓમાં, કે પછી દેશના કોઈપણ ખૂણે જોવા મળી શકે છે અને વૈશ્વિક સ્તરે પણ આ બ્રાન્ડ વ્યાપક સંભાવના ધરાવે છે. ■

ડેઈલી ડોસા
શોપ નં. 3 અને 4, મેફેઅર બિલ્ડિંગ, વાસ્તુ લેન, લક્ષ્મી ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની પાછળ, લિંક રોડ, અંધેરી (પશ્ચિમ), મુંબઈ.

સૉલ ઑફ ટૂર

# ચાલો નૉર્થ વિયેટનામ- એક્સપ્લોર કરીએ સાપા, ફૅન્સિપન અને હાલોંગ બેની અલાયદી સુંદરતા



ઑરોરા ટ્રાવેલ ટૂર્સ પ્રાઇવેટ લિમિટેડના ચૅરમૅન ધવલ જાંગલા





વાઈબ્રન્ટ શહેરોથી લઈને શાંત દરિયાકિનારા સુધી વિયેટનામમાં દરેક માટે કંઈક છે. આ શહેર આકર્ષક લૅન્ડસ્કેપ્સ સાથે સમૃદ્ધ સાંસ્કૃતિક અનુભવોને એકીકૃત રીતે જોડે છે. અહીં આવતા પર્યટકોને સૌથી વધુ આકર્ષિત કરતા ઉત્તર વિયેટનામના સાપા, હાલોંગ બે અને ફૅન્સિપનમાં તો ટૂરિસ્ટોની સંખ્યા સૌથી વધુ હોય છે. તો ચાલો આજે ઑરોરા ટૂર્સના મૅનેજિંગ ડિરેક્ટર ધવલ જાંગલા પાસેથી જાણીએ કે વિયેટનામમાં તેમનું સૌથી ફેવરિટ સ્થળ કયું છે.

▶ **ધવલભાઈ, સાપા અને વિશાળ ફૅન્સિપન પર્વતની મુલાકાત લેવા માટે તમને કઈ વાતે આકર્ષિત કર્યા?**

ઝાકળથી ઢંકાયેલા પર્વતો, ટેરેસવાળાં ચોખાનાં ખેતરો અને વાઈબ્રન્ટ સંસ્કૃતિ ધરાવતું સાપા મને હંમેશાં આકર્ષિત કરતું આવ્યું છે, પરંતુ જે બાબત મને ખરેખર રોમાંચિત કરે છે એ એટલે ૩૧૪૩ મીટર પર ઊભેલા 'રૂફ ઑફ ઈન્ડોચીના' તરીકે ઓળખાતા ફૅન્સિપન પર ચડવાની તક. વિયેટનામના સૌથી ઊંચા શિખર પર ઊભા રહેવાનો અને હોઆંગ લિએન સોન રેન્જનાં વિહંગમ દૃશ્યો જોયા વિના ચાલે જ નહીં. સાપા નગરના શાંતિપૂર્ણ વાતાવરણનો હું અનુભવ કરવા માગતો હતો. અહીં કુદરતી સૌંદર્ય અને સંસ્કૃતિનો સુમેળ થાય છે.



▶ **ફૅન્સિપનની ટોચ પર તમારા ટ્રેકિંગનો અનુભવ કેવો રહ્યો અને ત્યાંની વાટમાં મળેલા અનુભવ વિશે જણાવો.**

મેં સમય અને એનર્જી બંને બચાવવા માટે ફૅન્સિપનનાં ટ્રેકિંગને બદલે કેબલ કારની સવારી પસંદ કરી. જોકે ઘણા સાહસિકો વધુ દિવસની હાઈકિંગ ટ્રિપ પસંદ કરી શકે છે. કેબલ કાર પણ પોતાનામાં જ એક અજાયબી હતી, જે પર્વતોની આસપાસ ઘૂમતી ખીણો અને વાદળોનાં સુંદર દૃશ્યો આપે છે. શિખર પર પહોંચતાં જ મને એક અદ્ભુત, લગભગ એક જુદા જ વિશ્વનાં દૃશ્યો જોયાનો અનુભવ મળ્યો. દરેક દિશામાં વિસ્તરેલાં વિશાળ શિખરો અને નીચે નજર કરો તો લાગે જાણે વાદળોની ચાદર પથરાઈ ગઈ હોય. ઠંડી, વહેતી હવા અને ટોચ પરના સ્મારક ફૅન્સિપન પેગોડાના નઝારા આ ક્ષણને વધુ રોમાંચક બનાવી દે છે, જે અહીંની ટ્રિપ પવિત્ર ભૂમિ પર વાદળો પર કરેલી એક આધ્યાત્મિક યાત્રા જેવી અનુભૂતિ આપે છે.

▶ **આટલા આહ્લાદક અનુભવ પછી તમે સાપામાં આરામ કરવા માટે શું કર્યું?**

ફૅન્સિપન સાહસ પછી હું જાણતો હતો કે મને થોડા રિલૅક્સેશનની જરૂર છે અને માટે જ મેં સાપામાં ઘણા સ્પા અને મસાજ પાર્લર છે એમાંથી એક સારા એવા સ્પા સેન્ટરની શોધખોળ કરી જે અહીંના રિલૅક્સિંગ હર્બલ મસાજ માટે જાણીતું છે. સાપાના આ સ્પાએ એક કમ્પ્લીટ રિલૅક્સિંગ અનુભવ પ્રદાન કર્યો. બહારનાં પર્વતીય દૃશ્યો અને આ થેરપીના સારવારના સંયોજને મને એક અવિસ્મરણીય અનુભવ આપ્યો.

▶ **તમે સાપાના પર્વતોથી હાલોંગ બે સુધીનો તમારો પ્રવાસ કેવો રહ્યો?**

સાપાની ઠંડી અને ઝાકળભરી હવાને પાછળ છોડીને મેં વિયેટનામના નૉર્થ ઈસ્ટમાં અન્ય પ્રતિષ્ઠિત સ્થળ હાલોંગ બેની યાત્રા શરૂ કરી. સાપાના પર્વતોની સરખામણીમાં અહીંનો નઝારો એટલે તદ્દન વિરોધાભાસી. હાલોંગ બેના શાંત પાણી અને નાટ્યાત્મક લાઈમસ્ટોનના કુદરતની રીતે બનેલા નાના-મોટા ડુંગરો કુદરતની કરામત સમા લાગે છે. પરંપરાગત જન્ક બોટમાં સવાર થઈ ચોખ્ખાં ફિરોઝી પાણી અને નયનરમ્ય લૅન્ડસ્કેપ જાણે મારું સ્વાગત કરતાં હતાં. સ્વપ્નમાંથી સીધા વાસ્તવિકતામાં આવી ગયા હોઈએ એવો અહીંનો નઝારો છે. સેંકડો ઊંચા લાઈમસ્ટોનની ખડકો પાણીમાંથી દેખાય છે. કેટલાક હરિયાળીથી ઢંકાયેલા છે તો કેટલાક ઝાકળથી ઢંકાયેલા દેખાય છે.

▶ **હાલોંગ બેની મુલાકાતમાં તમને સૌથી વધુ કઈ બાબતે આકર્ષ્યા?**

હાલોંગ બેની અંદરની ગુફાઓ એક્સપ્લોર કરવી એ એક અવિસ્મરણીય અનુભવ હતો. સૌથી પ્રભાવશાળી પૈકીની એક એટલે સુંગ સોટ ગુફા જેને સરપ્રાઈઝ કેવ્ઝ પણ કહેવાય છે. સ્ટેલાક્ટાઈટ્સ અને સ્ટેલાગ્માઈટથી ભરેલા કેવ્ઝની અંદરના વિશાળ ચેમ્બર પરથી એનું નામ રાખવામાં આવ્યું હતું. જેમ જેમ હું અંદર દાખલ થયો તેમ-તેમ ગુફાનું કદ મને આશ્ચર્યચકિત કરતું ગયું. ઊંચી છત અને મોટી ચેમ્બરને લીધે આ ગુફાનો અનુભવ કૅથીડ્રલ જેવો લાગે છે. જળ અને પવનની મદદથી સદીઓથી આકાર લેવાતી ચૂનાના પથ્થરોની જટિલ રચનાઓએ એક અનન્ય વાતાવરણ ઊભું કર્યું છે. મારા ગાઇડે મને પ્રાણીઓ અને પૌરાણિક જીવો સાથે મળતી આવતી રચનાઓ દેખાડી જેણે આ આખા અનુભવમાં દંતકથા જેવો સાર ઉમેર્યો.

▶ **હાલોંગ બેમાં તમે અન્ય કઈ પ્રવૃત્તિઓનો આનંદ માણ્યો?**

ગુફા એક્સપ્લોર કરવા ઉપરાંત હાલોંગ બેના અલાયદા લગૂન્સની આસપાસ કાયાકિંગનો અનુભવ ખૂબ અનોખો છે. શાંત પાણી, ભૂતકાળમાં ગરકાવ કરતી ગુફાઓ અને વિશાળ ખડકોની રચનાઓમાંથી પસાર થઈએ ત્યારે મને હાલોંગ બેને એક અનોખા પરિપ્રેક્ષ્યમાં જોવાનો મોકો મળ્યો. મેં હોડીમાં આરામ કરવાનો અનુભવ પણ લીધો. પહાડોની પાછળ અસ્ત થતા સૂરજ સાથે આકાશને ગુલાબી-નારંગી રંગોમાં ફેરવાતો જોવામાં એક જુદો જ આનંદ મળે છે.

▶ **ધવલભાઈ, તમે સાપા, ફૅન્સિપન અને હાલોંગ બેના તમારા અનુભવનો સરવાળો કેવી રીતે કરશો?**

ઉત્તર વિયેટનામની મારી આ યાત્રા ઍડ્વેન્ચર, રિલૅક્સેશન અને સાંસ્કૃતિક નિમજ્જનનું સંપૂર્ણ મિશ્રણ હતું. ફૅન્સિપન સુધીના જાજરમાન ચડાણથી લઈને સાપામાં મળેલા સુખદ હર્બલ બાથ સુધી અને હાલોંગ બેના લાઈમ આઈલૅન્ડ અને ગુફાઓ સુધી બધું જ વિસ્મયકારક અનુભવ આપે છે. અહીં વિતાવેલી દરેક ક્ષણ સુંદરતાં અને શોધથી ભરેલી હતી, જે આજીવનભરની યાદો અર્પે છે.

Aurora Travel Tours Pvt Ltd :- 22, Paradise Compound, Bhulabhai Desai Road, Nr. Mahalaxmi Chamber, Breach Candy, Mumbai - 400026
Contact Nos.:- +91 222 3519710 / 11 / 12 / 14, 98219 21920. E-mail :- info@auroratravels.com

# ઉત્તર પ્રદેશમાં ટ્રેન ઊથલાવવાના ષડ્યંત્રના સંબંધમાં એકની ધરપકડ

બાંદા (ઉત્તર પ્રદેશ): ઉત્તર પ્રદેશના લલિતપુર જિલ્લાના જખૌરા પોલીસ સ્ટેશનના ક્ષેત્રમાં રેલવે પાટા પર લોખંડના સળિયા મૂકીને ટ્રેન ઊથલાવવાનું ષડ્યંત્ર ઘડવાના કિસ્સામાં પોલીસે શનિવારે એક જણની ધરપકડ કરી હતી.

પાતાલકોટ એક્સપ્રેસ (ટ્રેન ક્રમાંક ૧૨૬૨૪)ના એન્જિનની સાથે દેલવાડા રેલવે સ્ટેશનની નજીક ત્રીજી ઑક્ટોબર, ગુરુવારે લોખંડના સળિયા અથડાયા બાદ તણખા ઝર્યા હતા. એક વ્યક્તિએ આ અંગે સાવચેત કરતા ટ્રેન અટકાવાઇ હતી અને તેથી મોટી ટ્રેન દુર્ઘટના ટળી હતી.

લલિતપુરના પોલીસ સુપરિન્ટેન્ડન્ટ મહંમદ મુસ્તાકે શનિવારે જણાવ્યું હતું કે દેલવાડા રેલવે સ્ટેશનના સ્ટેશન માસ્ટરે આ ઘટનાના સંબંધમાં શુક્રવારે જખૌરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.

પોલીસ તપાસમાં ટ્રેનના પાટાની પાસેથી લોખંડના અનેક સળિયા મળ્યા હતા. સત્યમ યાદવ (ઉં.વ.૩૨) આ વિસ્તારમાંથી લોખંડના સળિયા ચોરીને બીજે વેચતો હતો.

પોલીસે સત્યમ યાદવને તેના ઘરેથી શનિવારે પકડ્યો હતો અને ચોરાયેલા લોખંડના સળિયા અને અન્ય કેટલીક ચીજો તેના ઘરેથી મળી હતી. (એજન્સી) ■

# મીડિયાએ રાષ્ટ્ર વિરોધી નિવેદનો સામે ઊભા રહેવું જોઇએ: ઉપરાષ્ટ્રપતિ

નવી દિલ્હી: ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખરે શનિવારે મીડિયાને રાષ્ટ્ર વિરોધી નિવેદનો અને ખોટી માહિતીઓ પર પ્રતિબંધ મૂકવા વિનંતી કરી હતી. તેમણે એ વાત પર નારાજગી વ્યક્ત કરી કે ટૂંકા ગાળાની ઘટનાઓ મોટાભાગે હેડલાઇન્સ બનતી હોય છે. તેમણે મેનીપ્યુલેટિવ રિપોર્ટિંગના કેટલાક ઉદાહરણો પર પણ દુ:ખ વ્યક્ત કર્યું હતું.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે કલ્પના કરો કે એક અખબારમાં ઉપરાષ્ટ્રપતિ દ્વારા નકલી તસવીરો પોસ્ટ કરવાના સમાચાર છપાયા છે. જ્યારે આ વાત પર ધ્યાન આપવામાં આવે છે તો અખબાર માફી માંગે છે. પરંતુ હું જાણું છું કે હું આક્રમક ન થઇ શકું, હું સત્તાવાર એક્શન મોડમાં ન હોઇ શકું. ઉપરાષ્ટ્રપતિએ અનુભવ્યું કે દેશમાં હાથ પકડવાની, કાઉન્સેલિંગની આદત વિકસાવવાની જરૂર છે.

તેમણે કહ્યું કે આપણે આપણી માતા કે સંસ્થાઓને નુકસાન ન પહોંચાડી શકીએ. આપણે તેમનું પોષણ કરવું પડશે. લોકતંત્ર ત્યારે પોષાશે જ્યારે મીડિયા સહિત તેની તમામ સંસ્થાઓ સારી કામગીરી બજાવશે. ધનખરે કહ્યું કે મીડિયા નીતિ નિર્માતાઓ અને જનતા વચ્ચે સેતુનું કામ કરે છે. તેમણે કહ્યું કે તેણે પક્ષપાતપૂર્ણ હિતો સાથે કામ ન કરવું જોઇએ કારણ કે તે સામાન્ય માણસ અને રાષ્ટ્રના હિતોને નુકસાન પહોંચાડે છે.

ધનખરે રાષ્ટ્રવિરોધી અને બનાવટી નિવેદનોને નિષ્ક્રિય કરવા માટે મશીન લર્નિંગ જેવી ટેક્નોલોજીનો ઉપયોગ કરવાનું પણ સૂચન કર્યું હતું. તેમણે મીડિયાને રાષ્ટ્ર વિરોધી નિવેદનો અને ખોટી માહિતી સામે સ્ટેન્ડ લેવા વિનંતી કરી હતી. ■


# થાણામાં 'ક્વેસ્ટ ફાઉન્ડેશન ડાયાલિસિસ'સેન્ટરનું ઉદ્‌ઘાટન

## બીનાબેન અજયભાઈ શેઠના ૧ કરોડના અનુદાનથી હર્ષોલ્લાસ




(ડાબેથી ભરત જસાણી, રાજીવ શાહ, બીના શેઠ, અજય શેઠ, દીપક મહેતા, પંકજ તન્ના)

## કોલકાતામાં પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં દીક્ષાર્થીનું બહુમાન

પરમશ્રદ્ધેય પૂ. શ્રી ધીરગુરુદેવની નિશ્રામાં દીક્ષાર્થી દર્શનકુમાર દીપકભાઈ માલવણીયા (ઉંમર વર્ષ-૧૮)નું સમસ્ત કલકત્તા સ્થાનકવાસી જેન સંઘના ઉપક્રમે તા. ૨૭-૧૦-૨૦૨૪, રવિવારે સવારે ૯ થી ૧૦-૩૦ કલાકે શોભાયાત્રા અને બહુમાન યોજાયેલ છે.

પાળિયાદ જૈન સંઘમાં આગામી તા. ૦૨-૦૩-૨૦૨૫ના યુવાપ્રેરક પૂ. જયેશચંદ્રજી મ.સા., ડૉ. સુપાર્શ્વચંદ્રજી મ.સા.ની સમીપે સંયમાભિલાષી દર્શનકુમારની ભાગવતી દીક્ષા ઉજવાશે.



## રાજકોટમાં પૂ. શ્રી ધીરગુરુદેવના અનુગ્રહથી ₹.15 કરોડના ખર્ચે નવનિર્મિત બહેરા-મૂંગા શાળાનું ૧૨ જાન્યુ.ના ઉદ્‌ઘાટન




શ્રી અને શ્રીમતી છગનલાલ શામજી વિરાણી બહેરા-મૂંગા શાળા ટ્રસ્ટ - રાજકોટ નવનિર્મિત મા સ્વામી પ્રેરિત બીનાબેન અજયભાઈ શેઠ - કન્યા છાત્રાલય, શશીકાંત જી. બદાણી - પ્રાયમરી સ્કૂલ, શ્રી છગનલાલ શામજી વિરાણી - કુમાર છાત્રાલય વગેરે સંકુલ (૬૫ હજાર સ્કેવર ફીટ બાંધકામ)નો ઉદ્‌ઘાટન સમારોહ તા. ૧૨-૦૧-૨૦૨૫, રવિવારે સવારે ૯-૦૦ થી ૧૨-૦૦ કલાકે યોજાયેલ છે.

નિર્માણ સંયોજક શ્રી જીતુભાઈ બેનાણીએ સંપૂર્ણ સંકુલના બાંધકામમાં ખૂબજ જહેમત ઉઠાવી ભગીરથ કાર્ય કરેલ છે. ☞ સંપર્ક : રજનીકાંત બાવીસી : મો. ૯૩૨૮૧૩૦૦૩૩


# પ્રવાસીઓમાં લોકપ્રિય થાઇલેન્ડના શહેર ચિયાંગ માઇમાં પૂરનાં પાણી ભરાયાં

બેંગકોક : પ્રવાસીઓમાં લોકપ્રિય થાઇલેન્ડના શહેર ચિયાંગ માઈમાં ભારે વરસાદને કારણે પૂરનાં પાણી ભરાયાં હતાં અને તેની મુખ્ય નદી બંને કાંઠે છલકાઇ હતી.

સત્તાવાળાઓએ કેટલાકને સ્થળાંતરનો આદેશ આપ્યો હતો અને કહ્યું હતું કે તેઓ રહેણાંક વિસ્તારોમાંથી પાણી કાઢવા માટે પ્રયાસ કરી રહ્યા છે અને પાણીને ઝડપથી ઘટાડવામાં મદદ કરવા માટે જળમાર્ગો અને ગટરોના અવરોધોને દૂર કરી રહ્યા છે.

જેના ઘરમાં પૂર આવ્યું હતું તેવા રહેવાસીઓને રહેવા માટે શહેરભરમાં ડઝનબંધ આશ્રયસ્થાનો બનાવવામાં આવ્યા છે. થાઈ મીડિયાએ અહેવાલ આપ્યો છે કે શહેરની બહારના ભાગમાં આવેલા અનેક અભયારણ્યો અને ઉદ્યાનોમાંથી હાથીઓ અને અન્ય પ્રાણીઓને બહાર કાઢવાના પ્રયાસો શનિવારે ચાલુ હતા.

લગભગ ૧૨૫ હાથીને અન્ય પ્રાણીઓ સાથે એલિફન્ટ નેચર પાર્કમાંથી સલામત સ્થળે લઈ જવામાં આવ્યા હતા, જ્યાંથી કેટલાક ઊંચી જમીન શોધવા માટે પોતાની મેળે ભાગી ગયા હતા. આ વિસ્તારના ૧૦ જેટલા પ્રાણીઓના આશ્રયસ્થાનોમાં પાણી ભરાઈ ગયા છે.

ચિયાંગ માઈ શહેરની સરકારે જણાવ્યું હતું કે પિંગ નદીનું પાણીનું સ્તર ગંભીર રીતે ઊંચા સ્તરે હતું અને શુક્રવારથી વધી રહ્યું છે.

જો કે, શનિવારે પ્રાંતીય સિંચાઈ કચેરીએ આગાહી કરી હતી કે લગભગ પાંચ દિવસમાં પાણીનો સ્તર સ્થિર રહેશે અને સામાન્ય થઈ જશે.

ડિઝાસ્ટર પ્રિવેન્શન એન્ડ મિટિગેશન વિભાગે જણાવ્યું હતું કે

શનિવારે ૨૦ પ્રાંતમાં પૂરની જાણ કરવામાં આવી હતી. ઓગસ્ટથી અત્યાર સુધીમાં પૂરમાં ઓછામાં ઓછા ૪૯ લોકોનાં મોત થયા છે અને ૨૮ લોકો ઘાયલ થયા હતા. ■

# ફારુક અબ્દુલ્લાએ ભાજપ સાથે ચૂંટણી પછીના જોડાણને નકારી કાઢ્યું

શ્રીનગર : નેશનલ કોન્ફરન્સ ના પ્રમુખ ફારૂક અબ્દુલ્લાએ શનિવારે ભારપૂર્વક જણાવ્યું હતું કે તેમની પાર્ટી જમ્મુ અને કાશ્મીરમાં સરકારની રચના માટે ચૂંટણી પછી ભાજપ સાથે જોડાણ કરશે નહીં.

''અમે ભાજપ સાથે ન જઈ શકીએ. અમને અહીં જે વોટ મળ્યો છે તે ભાજપની વિરુદ્ધનો મત છે. તેઓએ મુસ્લિમોને જે મુશ્કેલીઓમાં મૂક્યા, તેમની દુકાનો, મકાનો, મસ્જિદો અને શાળાઓ પર બુલડોઝર ફેરવ્યું, શું તમને લાગે છે કે અમે તેમની સાથે જઈશું?'' અબ્દુલ્લાએ એવો સવાલ કર્યો હતો.

તેમણે કહ્યું કે ભાજપે સંસદીય ચૂંટણીમાં એક પણ મુસ્લિમને જનાદેશ આપ્યો નથી અને કેન્દ્રીય કેબિનેટમાં એક પણ મુસ્લિમ પ્રધાન નથી.

''મને લાગે છે કે અમારા લોકો ભાજપને મત નહીં આપે. જો તેઓ (ભાજપ) વિચારે છે કે તેઓ સરકાર બનાવશે, તો તેઓ કોયલની દુનિયામાં રહે છે,'' એમ એમણે ઉમેર્યું હતું.

એનસીએ શુક્રવારે કહ્યું હતું કે તે જમ્મુ અને કાશ્મીરમાં સરકારની રચના માટે ઇન્ડિયા જૂથના ઘટકો સિવાય અન્ય કોઈપણ રાજકીય પક્ષના સંપર્કમાં નથી. ■





(ROC - 3955)

